# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-08-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

*****************************************************

- ✓ સર્વોચ્ચ અદાલત આજે કોલકાતામાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ-હત્યા કેસ અંગે સુનાવણી કરશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ સાથે બેઠક કરશે
- ✓ ભારત અને જાપાનના વિદેશમંત્રી અને સંરક્ષણ મંત્રીઓ વચ્ચે નવી દિલ્હીમાં આજે દ્વિપક્ષીય વાટાઘાટો
- ✓ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે જાહેરનામું બહાર પડશે
- ✓ પ્રધાનમંત્રીએ 28 ઑગસ્ટથી શરૂ થનારા પેરિસ પેરાલિમ્પિક્સ પૂર્વે ભારતીય ખેલાડીઓ સાથે વાતચીત કરી
- ✓ અને આગામી ચાર દિવસ માટે ઉત્તર પશ્ચિમ, પૂર્વીય અને મધ્ય ભાગોમાં ભારે વરસાદની આગાહી

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SC- KOLKATA MURDER CASE

સર્વોચ્ચ અદાલત આજે કોલકાતામાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ-હત્યા કેસ અંગે સુનાવણી કરશે. મુખ્ય ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ, મુખ્ય ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની ખંડપીઠ આ કેસ સાંભળશે. ગત સપ્તાહે સર્વોચ્ચ અદાલતે આ મામલે નોંધ લેતા સુનાવણી કરવાનું નક્કી કર્યું હતું. કોલકાતાની વડી અદાલત આ મામલે પહેલાથી સુનાવણી કરી રહી છે,

અદાલતે આ કેસ સીબીઆઈને સોંપવાનો આદેશ કર્યો હતો. પીડિતાના માતાપિતા સહિત અન્ય કેટલાક લોકોએ નિષ્પક્ષ તપાસની અપેક્ષા સાથે વડી અદાલતમાં અપીલ કરી હતી. જે બાદ આ કેસની તપાસ હવે સીબીઆઈ કરી રહી છે. આ સમગ્ર કેસમાં શરૂઆતથી જ પોલીસની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે. રાજકીય પક્ષોનો આરોપ છે કે સ્થાનિક પોલીસ ગુનેગારોને બચાવી રહી છે.

ગત 15 ઑગસ્ટના રોજ રાજ્યમાં મહિલાઓ દ્વારા કરાયેલા વ્યાપક વિરોધ પ્રદર્શનો દરમિયાન આરજી કર હૉસ્પિટલ પર હુમલા બાદ આ આરોપોને વેગ મળ્યો છે. ભાજપનો આરોપ છે કે હુમલાખોરોએ ઇમરજન્સી વિભાગમાં તોડફોડ મચાવીને પૂરાવાઓને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. કોલાકાતા પોલીસ દ્વારા ડૉક્ટરનો વિસેરા બદલવામાં આવ્યો હોવાનો આરોપ વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ મૂક્યો છે, વધુમાં તેમણે અન્ય પુરાવાઓ સાથે ચેડાં કરાયા હોવાનો દાવો પણ કર્યો.

# PM MALAYSIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ સાથે બેઠક કરશે. આ વાટાઘાટો બાદ બંને પક્ષો વિવિધ કરારો પર હસ્તાક્ષર કરે તેવી શક્યતા છે. શ્રી મોદીએ મલેશિયાના પ્રધાનમંત્રીના સન્માનમાં ભોજનું આયોજન કર્યું છે.

શ્રી ઇબ્રાહિમ આવતીકાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે. તેઓ વિદેશમંત્રી ડૉ. એસ. જશશંકર સાથે પણ મુલાકાત કરશે. અનવર ઇબ્રાહિમ ગઈકાલે ભારતના ત્રણ દિવસના પ્રવાસે નવીદિલ્હી પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી તરીકે આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે..

# INDIA JAPAN MEET

ભારત અને જાપાનના મંત્રીઓ તેમજ પ્રતિનિધિઓ આજે નવીદિલ્હીમાં દ્વીપક્ષીય સંવાદ કરશે. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને વિદેશ મંત્રી ડૉ.એસ. જયશંકર, જાપાનના સંરક્ષણ મંત્રી કિહારા મિનોરુ અને વિદેશ મંત્રી યોકો કામાકાવા આ બેઠકમાં ભાગ લેશે. આ દ્વીપક્ષીય સંવાદની સાથે રાજનાથસિંહ જાપાનમાં તેમની સમકક્ષ સાથે બેઠક કરશે. આ બેઠકમાં મંત્રીઓ દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા તેમજ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવા માટે નવી તકો અંગે ચર્ચા કરશે.

# J&K – NOTIFICATION

જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે જાહેરનામુ બહાર પડશે. આ તબક્કામાં અનંતનાગ, શોપિયાં, કુલગામ, રામબન, કિશ્તવાર અને ડોડા જિલ્લા સહિત 24 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. આ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ 27 ઑગસ્ટ છે. ઉમેદવારીપત્રોની ચકાસણી બીજા દિવસે એટલે કે 28 ઑગસ્ટના રોજ થશે. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ 30 ઑગસ્ટ છે અને જ્યારે 18મી સપ્ટેમ્બરે મતદાન થશે.

કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટેની અંતિમ મતદાર યાદી આજે જાહેર કરાય તેવી શક્યતા છે. જેમાં મતદારોની સંખ્યા અંદાજે 90 લાખ હોવાની ધારણા છે. સીમાંકનની કવાયત અને વિધાનસભા બેઠકોની સંખ્યા 83થી વધીને 90 થવાને કારણે અનેક વિધાનસભા મતવિસ્તારોની સરહદો બદલવામાં આવી છે, જેને જોતા આ વખતે મતદાર યાદી અને મતદારોની વિગતોનું વિશેષ મહત્વ રહેશે.

# RBI GUIDELINE

ભારતીય રિઝર્વ બૅંકે નાણાકીય ગેરરીતિઓને રોકવા અને રોકાણકારોના હિતોનું રક્ષણ કરવા હેતુથી નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. નવા નિયમો તાત્કાલિક અસરથી P2P પ્લેટફોર્મને ધિરાણ જોખમોના અનુમાન, ધિરાણ સંવર્ધનની રજૂઆત અથવા બાહેંધરીથી પ્રતિબંધિત કરે છે. જે નાણાકીય વ્યવહારોમાં મુદ્દલ અને વ્યાજ અથવા બંનેના સંપૂર્ણ નુકસાનની જવાબદારી ધિરાણકર્તાની હોવાનું સુનિશ્ચિત કરે છે.

અગાઉ આ પ્લેટફોર્મ પારંપરિક બૅંકિંગ ચેનલોને હાસિંયાકૃત કરીને, વ્યક્તિગત ધિરાણકર્તાઓને સીધા ઉધારદાતાઓ સાથે જોડતા હતા. જોકે નવા માળખા અંતર્ગત આ પ્લેટફોર્મ દ્વારા ધિરાણ વાધારો કે બાહેંધરી સંબંધી વીમા ઉત્પાદનોના ક્રોસ સેલિંગ પર પણ રોક લગાવવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# PM PARALYMPIC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 28 ઑગસ્ટથી શરૂ થનારા પેરિસ પેરાલિમ્પિક રમતને લઈને ભારતીય ખેલાડીઓ સાથે વાતચીત કરી હતી. ગઈકાલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આયોજીત આ મુલાકાત દરમિયાન શ્રી મોદીએ કહ્યું કે એથ્લિટ્સ ભારતના ધ્વજધારક તરીકે પેરિસ જઈ રહ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું કે પેરિસમાં ખેલાડીઓની હાજરી સાથે દેશનું ગૌરવ જોડાયેલું છે. શ્રી મોદીએ કહ્યું કે 140 કરોડ દેશવાસીઓની શુભેચ્છા ખેલાડીઓની સાથે છે.

આ પ્રસંગે ઉપસ્થિત રમત-ગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું આ વખતે ભારત પેરાલિમ્પિકમાં ભાગ લેવા અત્યાર સુધીની સૌથી મોટી ટુકડીને મોકલી રહ્યું છે. તેમણે જણાવ્યું કે 84 જેટલા પ્રતિભાશાળી ભારતીય એથ્લિટ પેરિસ પેરાલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

# IMD-RAIN

હવામાન વિભાગે આગામી ચાર દિવસ માટે ઉત્તર પશ્ચિમ, પૂર્વીય અને કેન્દ્રીય ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર જમ્મૂ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશમાં શુક્રવાર સુધીમાં ભારે વરસાદ પડી શકે છે. બાંગ્લાદેશની ઉપર વરસાદી સિસ્ટમ બનેલી છે, જેને કારણે બાંગ્લાદેશ ઉપરાંત આસપાસના વિસ્તારોમાં આગામી ચોવીસ કલાકમાં ભારે વરસાદની શક્યતા છે. આ અસરથી તટિય પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર અને મધ્ય પ્રદેશમાં વરસાદ વરસી શકે છે.

# TELANGANA-RAINS

તેલંગાણામાં હૈદરાબાદ સહિત રાજ્યના અનેક ભાગોમાં આજે વહેલી સવારથી ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. તો કેટલાક વિસ્તારોમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે.

દરમિયાન છેલ્લા 24 કલાકમાં જોગુલંબા ગડવલ જિલ્લાના એજામાં આજે સવારે પાંચ વાગ્યા સુધીમાં સૌથી વધુ અંદાજે પાંચ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ઉપરાંત નાલગોંડા, સૂર્યાપેટ નિઝામાબાદ, વાનપર્થી, યાદદ્રી ભુવનગીરી, સિદ્ધિપેટ, નિર્મલ જિલ્લાના કેટલાક ભાગોમાં ગઈકાલે ભારે વરસાદ નોઁધાયો હતો..

# UKRAINE CITY CAPTURED

રશિયા - યુક્રેન યુદ્ધ વચ્ચે યુદ્ધ દરમિયાન રશિયન સેનાએ પૂર્વીય યુક્રેનના વધુ એક શહેર પર કબ્જો કરી લીધો છે. રશિયન સેનાએ ડોનેસ્કના જાલિજને શહેર પર કબ્જો કરતા અંદાજે 53 હજાર લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. રશિયાના સરંક્ષણ મંત્રાલયે આ વાતની પુષ્ટિ કરતા એક નિવેદનમાં કહ્યું છે કે રશિયન દળો ડોનેસ્ક વિસ્તારમાં ટોરેસ્ક અને પોકરોવસ્ક તરફ આગળ વધી રહ્યા છે.

રશિયા જાલિજનેને સોવિયત કાળથી અર્ટિયોમોવો નામથી ઓળખે છે. તેને માઇનિંગ ટાઉન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ તરફ રશિયાના કુસર્કના મોટાભાગ પર નિયંત્રણ મેળવી ચૂકેલી યુક્રેનની સેના પણ સ્થિતિ મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. યુક્રેન સેનાએ કહ્યું છે કે તેણે અહીં એક પૂલ નષ્ટ કર્યો છે.

# USISRAEL GAZA CEASEFIRE

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ જેરુસલેમમાં અમેરિકાના વિદેશમંત્રી એન્ટની બ્લિંકન સાથે ત્રણ કલાકની બેઠક બાદ, બંધકોની મુક્તિ અંગેના અમેરિકાના'મધ્યસ્થી પ્રસ્તાવ' માટે સહમતી દર્શાવી છે. એક નિવેદનમાં, નેતન્યાહુના કાર્યાલયે જણાવ્યું છે કે પ્રધાનમંત્રીએ ઇઝરાયેલની સુરક્ષાને ધ્યાને લેતા અમેરિકાના બંધકોની મુક્તિના પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. આ નિવેદનમાં નેતન્યાહૂ એ પ્રથમ વખત જાહેરમાં અમેરિકાના પ્રસ્તાવને સમર્થન આપ્યું છે.

શ્રી બ્લિંકને નેતન્યાહૂ સાથેની તેમની મુલાકાતને રચનાત્મક ગણાવી હતી. વધુમાં તેમણે જણાયું કે હવે હમાસ માટે પણ આ સમજૂતિ ફરજિયાત બનશે. અમેરિકા, ઇજિપ્ત અને કતર – એમ તમામ મધ્યસ્થીઓ એક સાથે આવવું પડશે અને આ કરાર હેઠળની પ્રતિબદ્ધતાઓને અમલમાં મૂકવા અંગે સ્પષ્ટ સમજણ સુધી પહોંચવાની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે.

અમેરિકાનાઆ પ્રસ્તવમાં સપ્તાહના અંત સુધીમાં બંધકો માટે યુદ્ધ વિરામ સમજૂતિને અંતિમ સ્વરૂપ આપવા પર ભાર મૂક્યો છે. જોકે હમાસે અમેરિકાના પ્રસ્તાવને નકારી દીધો છે. હમાસે એક નિવેદનમાં આરોપ મૂક્યો છે કે બેન્જામિન નેતન્યાહૂ નવી શરતો મૂકી રહ્યા છે, જેનાથી વાટાઘાટો નિષ્ફળ બને અને ગાઝામાં યુદ્ધ લાંબુ ચાલી શકે છે.